# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૭ તા.૪-૧૦-૧૯

(માન્ય શાળા પરિપત્ર નં. ૪ )

તમામ શાળાઓ માટે :-

**વિષય :- પ્રથમ સત્રાંત પરીક્ષા (લેખિત) ૨૦૧૯ માટે ધો.૩ થી ૮નાં પ્રશ્નપત્રો મેળવી લેવા બાબત.**

આથી તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે પરિપત્ર નં.૬૪-A તા.૨૭-૯-૨૦૧૯ના અનુસંધાને પ્રથમ સત્રાંત પરીક્ષાનાં પ્રશ્નપત્રો તા.૯-૧૦-૧૯ના રોજ નીચે જણાવેલ સ્થળ અને સમયે મુખ્ય શિક્ષકશ્રીએ રૂબરૂ મેળવી લેવાં.

| ઝોન | પ્રશ્નપત્ર મેળવવાનું સ્થળ | સમય | કોની પાસેથી મેળવવા ? |
|---|---|---|---|
| પૂર્વ | પૂર્વ ઝોનની ઓફિસ,<br>અમરાઈવાડી શા.નં.૭, મૈત્રીપાર્ક સોસાયટી પાસે, હાટકેશ્વર બ્રીજ,અમરાઈવાડી | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| પશ્ચિમ | પશ્ચિમ ઝોનની ઓફિસ,<br>ઉસ્માનપુરા શા.નં.૨, ઉસ્માનપુરા ચાર રસ્તા,આશ્રમ રોડ, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| ઉત્તર | ઉત્તર ઝોનની ઓફિસ,<br>બાપુનગર શા.નં.૯, ગાયત્રી મંદિરની સામે, બાપુનગર, અમદાવાદ. | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| દક્ષિણ | દક્ષિણ ઝોનની ઓફિસ,<br>કાંકરિયા શા.નં.૬, જુના ઢોરબજાર,કાંકરિયા રોડ, અમદાવાદ. | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| મધ્ય | મધ્ય ઝોનની ઓફિસ,<br>પ્રિતમપુરા શા.નં.૧,ગીરધરનગર પોસ્ટ ઓફિસની પાસે, ગીરધરનગર | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| ઉર્દૂ | ઉર્દૂ ઝોનની ઓફિસ,<br>ખાડિયા શા.નં.૨, પાંચ કૂવા દરવાજા પાસે, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| હિન્દી | હિન્દી ઝોનની ઓફિસ,<br>ખોખરા શા.નં.૧/૨, રોહિત મિલ પાસે, ખોખરા સર્કલ, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| માન્ય શાળાઓ | એલિસબ્રીજ શા.નં.૧૦,<br>નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, નવરંગપુરા,અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | આંકડા કલાર્ક<br>(પરીક્ષાની કામગીરી) |

**-: પરીક્ષા દરમ્યાન ખૂટતાં પ્રશ્નપત્રો મેળવવાનાં કેન્દ્રો :-**

| ક્રમ | પ્રશ્નપત્ર મેળવવાનું સ્થળ | પ્રશ્નપત્રોનું માધ્યમ |
|---|---|---|
| ૧ | ખોખરા શા.નં.૧/૨ | ગુજરાતી, હિન્દી, મરાઠી, ધો.૩ થી ૮ પ્રા.ભાષા |
| ૨ | ઉસ્માનપુરા શા.નં.૨ | ગુજરાતી, હિન્દી |
| ૩ | બાપુનગર શા.નં.૯ | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ધો.૩ થી ૮ પ્રા.ભાષા |
| ૪ | કાંકરિયા શા.નં.૬ | ગુજરાતી, હિન્દી |
| ૫ | પ્રિતમપુરા શા.નં.૧ | ગુજરાતી, હિન્દી |
| ૬ | અમરાઈવાડી શા.નં.૭ | ગુજરાતી, હિન્દી |
| ૭ | જમાલપુર ઉ.શા.નં.૮ | ફકત ઉર્દૂ માધ્યમ |
| ૮ | રાજપુર ઉ.શા.નં.૧ | ફકત ઉર્દૂ માધ્યમ |
| ૯ | જમાલપુર શા.નં.૪ (સ્ટોર વિભાગ) | પ્રાદેશિક ભાષા, સહિત તમામ માધ્યમના પ્રશ્નપત્રો |

ઉપર દર્શાવ્યા મુજબ પરીક્ષાનાં પ્રશ્નપત્રો સમયસર મેળવી મુખ્યશિક્ષકશ્રીએ તમામ ધોરણ અને વિષયની સીલબંધ કોથળીઓ જે તે કેન્દ્ર પર જ એ રીતે ચેક કરી લેવી કે જેથી તમારી શાળાના ધોરણવાર અને વિષયવાર જરૂરી સંખ્યામાં પ્રશ્નપત્રો હોવાની ખરાઈ થાય. સલામતી અને ગોપનીયતા જળવાય તેની પૂરેપૂરી કાળજી સાથે પ્રશ્નપત્રો શાળામાં મૂકી દેવા.

તા.૪-૧૦-૧૯ ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

નોંધ :-

(૧) પરિપત્ર નં.૬૪-**A** તા.૨૭-૯-૨૦૧૯ પ્રથમ સત્રાંત પરીક્ષા (લેખિત)૨૦૧૯ સંદર્ભે જણાવવાનું કે અન્ય માધ્યમમાં એટલે કે ઉર્દૂ, હિન્દી, અંગ્રેજી, મરાઠી અને તમિલ માધ્યમમાં સામાજિક વિજ્ઞાનની પરીક્ષા વખતે ઉત્તરવહીની સાથે **ધો.૬માં ગુજરાત, ધો.૭માં ભારત અને ધો.૮માં દુનિયાનો રેખાંકીત નકશો** દરેક વિદ્યાર્થીઓને આપવાનો થાય છે. તેથી અન્ય માધ્યમના મુખ્ય શિક્ષકશ્રીએ અગાઉથી ખરીદીને પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને આપવાના રહેશે. આ સિવાયની તમામ સૂચનાઓ પરિપત્ર નં.૬૪-**A** તા.૨૭-૯-૨૦૧૯ મુજબ યથાવત રહેશે.

આ નોંધ-૧ ગુજરાતી માધ્યમની શાળાઓને લાગુ પડતું નથી. ફકત અને ફકત અન્ય માધ્યમની શાળાઓને લાગુ પડે છે.

(૨) પ્રથમ સત્રાંત પરીક્ષા દરમ્યાન જે તે શાળામાં દર પાંચ બ્લોકદીઠ (પરીક્ષાખંડ દીઠ) અન્ય શાળાના એક શિક્ષકને નિરીક્ષકની કામગીરી સોંપવાની રહેશે. સામાન્ય સંજોગોમાં નિરીક્ષકોની ફેરબદલી કરતી વખતે પગાર કેન્દ્ર બહાર શિક્ષકોને ન જવું પડે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવવામાં આવે છે. સામાન્ય સંજોગોમાં સુપરવાઈઝરોની ફેરબદલ અરસ-પરસ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

તા.૪-૧૦-૧૯ ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી